અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમોને વર્ષ:૨૦૧૭-૧૮માં યોજનાકીય કામગીરી માટે લોન પેટે ફાળવેલ શેરમુડીની યોજનાકીય ખર્ચની મંજુરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૦૭/૧૦/૨૦૧૭.

વંચાણમાં લીધા:-

૧. નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા.૨૧/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/ ૨૦૧૭/૪૯૦૭-૪૯૦૮.

૨. ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષશ્રી,ની સીંગલ ફાઇલ પર ની તા.૦૩/૧૦/૨૦૧૭ની નોંધથી થયેલ દરખાસ્ત.

૩. આ વિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧ (પા.ફાઈલ)/જ,

**આમુખ:**

ઉપર્યુક્ત ક્રમ.૧ માં દર્શાવેલ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના તા.૨૧/૦૯/૨૦૧૭ના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/ ૨૦૧૭/૪૯૦૭-૪૯૦૮ અન્વયે અનુસુચિત જાતિ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૧૭-૧૮માં સ્વરોજગારીની યોજનાઓના અમલીકરણ માટે લાભાર્થીઓને ધિરાણ આપવા માટે કુલ.રૂ. ૫૦.૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. જે અન્વયે ક્રમ.૩માં દર્શાવેલ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રૂ.૧૦.૦૦ કરોડની યોજનાઓને મંજુરી આપવામાં આવેલ, જે અન્વયે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૧૭-૧૮માં નીચે મુજબની યોજનાઓને મંજુરી આપવામાં આવેલ છે.

| યોજનાનું નામ | યુનિટ | યુનિટ/કોસ્ટ (રૂ.) | યુનિટ કોસ્ટ પૈકી | | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| | | | લાભાર્થી ફાળો | રાજ્ય સરકારનો ફાળો | |
| નાના પાયાના વ્યવસાય/ પશુપાલનની યોજના | ૭૪૦ | ૧,૫૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧,૩૫,૦૦૦ | ૯,૯૯,૦૦,૦૦૦ |

ઉપરોક્ત યોજનાઓની મંજુરી અર્થે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણના, આદેશ ક્રમાંક: અજાક/મ/૬/૨૦૧૭/૨૫૮૭ થી ૨૫૯૩, તા.૦૨/૦૬/૨૦૧૭થી ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના હવાલે રૂ. ૯,૧૧,૭૦,૦૦૦/- ( અંકે નવ કરોડ અગિયાર લાખ સિત્તેર હજાર પુરા )ની ગ્રાંટ મુકવામાં આવેલ છે. જ્યારે બાકીની રકમ રૂ. ૮૭,૩૦,૦૦૦/- ( અંકે સત્યાસી લાખ સિત્તેર હજાર પુરા)ની ગ્રાંટ હવાલે મુકવાની કાર્યવાહી ચાલુમાં છે. આમ આ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ માટે થયેલ કુલ જોગવાઇ રૂ. ૨૦.૦૦ કરોડ ( અંકે રૂપિયા વીસ કરોડ પુરા) પૈકી રૂ.૧૦.૦૦ કરોડની ની યોજનાને સરકારશ્રી ના ક્રમ.૩ માં દર્શાવેલ આ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવથી મંજુરી મળેલ છે. તથા આ યોજના હેઠળના વધુ રૂ. ૧૦.૦૦ કરોડની યોજના માટે ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષશ્રી,ની સીંગલ ફાઇલ પર ની તા.૦૩/૧૦/૨૦૧૭ની નોંધથી થયેલ દરખાસ્ત. અન્વયે રૂ.૧૦.૦૦ કરોડની યોજનાઓને મંજુરી આપવા માટે અનુમતી આપવા જણાવેલ છે.

## ઠરાવ:

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે, નિગમની વર્ષ:૨૦૧૭-૧૮માં રૂ. ૨૦.૦૦ કરોડ (અંકે રૂપિયા વીસ કરોડ) ની જોગવાઇ પૈકી વધુ રૂ.૧૦.૦૦ ( અંકે રૂપિયા દસ કરોડ ) માટે નીચે મુજબની યોજનાઓને મંજુરી આપવામાં આવે છે:

| યોજનાનું નામ | યુનિટ | યુનિટ/કોસ્ટ (રૂ.) | યુનિટ કોસ્ટ પૈકી | | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| | | | લાભાર્થી ફાળો | રાજ્ય સરકારનો ફાળો | |
| નાના પાયાના વ્યવસાય/ પશુપાલનની યોજના | ૭૪૦ | ૧,૫૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧,૩૫,૦૦૦ | ૯,૯૯,૦૦,૦૦૦ |

- યોજનાની પાત્રતા/શરતો તેમજ રાજ્ય સરકારને લોન પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણી અંગેની કાર્યરીતી વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા:૦૮/૦૨/૨૦૧૭ અને ૨૦/૦૨/૨૦૧૭ના ઠરાવોથી નક્કી કર્યા મુજબની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૦૬/૧૦/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ - ૨૦૧૭.